# 14. વાડી પરનાં વહાલાં

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:**

**1) બાળકોની નજરમાં શું આવી જાય છે?**

(A) ઢેલે કેટલાં ઈંડાં મૂક્યા છે તે

(B) બુલબુલે ક્યાં ને કેવો માળો કર્યો છે તે

(C) કાકીડાએ કેવા રંગો ધારણ કર્યા છે તે

(D) ઉપરના (A), (B), (C) ત્રણેય

**2) જંતુ-જગતનાં દર્શન માટે કયો સમય વધારે યોગ્ય છે?**

(A) બપોરનો

(B) બપોર પછીનો

(C) દિવસના કોલાહલનો

(D) રાતનો શાંત નીરવ સમય

**3) કુદરતના કારવાન-કાફલાને વાડી શું આપે છે?**

(A) આશ્રય અને આવાસ

(B) આકાર અને આહ્લાદ

(C) વાડી કશું જ આપતી નથી

(D) ઉપરના (A)અને (B)બંને

4) વાડીમાં ક્યારેક ક્યારેક કયાં પ્રાણીઓનાં દર્શન થઈ જાય છે?

(A) શેઢાડી ને શેળાનાં

(B) ઘોરખોદિયાં ને ભૂંડડાંનાં

(C) દીપડા ને સિંહનાં

(D) વણિયલ અને જબાદિયાંનાં

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

### 1) ચોમાસાના નવરાશના દિવસોમાં લોકો કઈ રીતે આનંદ મેળવે છે?

- ચોમાસાના નવરાશના દિવસોમાં લોકો, ખાસ કરીને યુવાનો ચોપાટ રમતા હોય છે. મોડી રાત સુધી એમના હર્ષનાદો સંભળાતા હોય છે. રાત્રે ભજનો થાય છે, ઠાકોરજીને ઠાકોરથાળી – નૈવેદ્યની થાળી ધરવામાં આવે છે અને દાંડિયારાસની રમઝટ બોલાવીને લોકો સમૂહઆનંદ મેળવે છે.

### 2) ઝડપથી પતાવવાનાં કેવાં કેવાં કામ માટે લોકો એકબીજાને ત્યાં જાય છે?

- વંઝી બાંધવી, નળિયાં ચડાવવાં, ઘઉંના પાળા બાંધવા જેવાં કામો તથા કોઈ વાર સાંતીનું કામ, ઝાઝા હાથની જરૂર પડે તેવાં કામ તાત્કાલિક ને ઝડપથી પતાવવાનાં હોય છે. એ કામો કરવાં માટે લોકો એકબીજાને ત્યાં જાય છે અને સાથે મળીને આનંદકિલ્લોલ કરતાં રહે છે.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

### 1) વાડીના જલસાને તમારા શબ્દોમાં વર્ણવો.

- વાડીમાં રહેતાં લોકો દરેક મોસમની મોજ માણતા હોય છે. વાડીમાં 'ડાયરા' જામે અને 'જલસા' થાય. ત્યાં મકાઈના ડોડાની મિજબાનીઓ થાય, આજુબાજુની વાડીના અડોશપડોશના મિત્રો ભેગા થાય, જેમને આમંત્રણ આપ્યું હોય તેઓ પણ આ જલસામાં ભળી જાય. નબળાં લાકડાંની અને આછીપાંખી કાથીની ખાટલીઓ પર માનવંતા મહેમાનોને બેસાડવામાં આવે. સ્વયંસેવકો કાંટા ભેગા કરી. લાવે અને સળી પેટાવી તાપણું કરે. એમાં ભુટ્ટા શેકાય. એ પછી પીળા અને પોણા કાળા ભુટ્ટા સૌને ખાવા માટે વહેંચે. પોંકના સમયે તેનો આનંદ લેવાનું કોઈ ચૂકે નહિ. તાપણામાંથી માંડવીના ગરમ ઓળાના એક-એક દાણા ખાતા જાય. આ જલસો તો રાત્રે શરૂ થાય તે છેક વહેલી સવાર સુધી ચાલુ રહે. ઉપરાંત ચણા, પપૈયાં, જામફળની પણ પાર્ટીઓ

યોજાય. ભલે એ નાની ને ખાનગી હોય ! આમ, વાડીમાં લોકો કામ જ નથી કરતા, પણ કામની સાથે ખાવાપીવાનો આનંદ પણ લે છે.

## 2) "વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે!" – આ વાક્યની પાઠના આધારે ચર્ચા કરો.

- વાડી એટલે જાણે નાના-મોટા જીવોનું સંગ્રહસ્થાન ! ઊધઈએ કરેલું બાંધકામ અને કીડીઓની કરામત જોવા મળે. કાચીંડાની લડાઈ ને સાપનાં યુદ્ધો, ધોયરાનું વિચિત્ર ગાન, મંકોડાની છાવણીઓ, ભરવાડીના કાફલા અને ગોકળગાયના ભપકા દેખાય. વળી, યાદ રહી જાય એ રીતે વીંછી ડંખ પણ મારે. વાડીમાં સાપ-નોળિયા અને કાળોતરા-બિલાડાનાં જીવનમરણના સંગ્રામ ચાલતા હોય. લલેડાં હાથ હાથ જેવડાં કણાંને પોતાની ચાંચથી પૂરા કરતાં હોય અને દેડકાં અળસિયાંનો ગોળો કરી આરોગતાં હોય. નાનાં સસલાંને ખાઈને પગદંડી પર સૂતેલા  સાપ પણ દેખાય. કાગડાઓની વચ્ચેથી પોતાનો મારગ કાઢતાં ધુવડ, શેરડીનાં શોખીન શિયાળ, ઈંડાં શોધતાં ખેરખટ્ટા, મરઘીનાં બચ્ચાંને ચોરીને પોતાના દરમાં લઈ જતાં ઉંદરો, પશુઓને વળગતી જીવાતો વીણતા બગલા, પાકને બગાડતી ઈયળો સાફ કરતાં પક્ષીઓ, ઉંદરની વસ્તી પર અંકુશ રાખતાં રાની માંજરો પણ વાડીમાં રહેતાં હોય છે. રાત્રે તો વાડીમાં કંસારીથી લઈને તમરાં સુધીનો અવાજ સંભળાય. શેઢાડી, શેળા, વણિયલ, જબોદિયાં, ઘોરખોદિયાં, ભૂંડ, હરણાં, રોઝડાં તો ક્યારેક દીપડા ને સિંહ પણ જોવા મળે. આમ, વાડીની ભરીભરી અને વૈવિધ્યપૂર્ણ દુનિયા માટે લેખક સાચું જ કહે છે કે, 'વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે !"